**<u>સ્પે.દી.મુ.નં.૧૪૧/૨૦૧૨ ના કામે આંક–૫ નીચેનો હુકમ</u>**

(૧). વાદીએ હાલની આંક–૫ની કામચલાઉ મનાઈહુકમની અરજી આપી અરજ કરેલ છે કે,કલોલ તાલુકાના મોજે આરસોડીયા ગામની સીમના બ્લોક નં.૨૦૪ પૈકી જેનો જુનો સ.નં. ૧૭૧/૧ તથા ૧૭૧/૨ કે જેનુ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.૧–૬૫–૧૭ આકાર રૂ.૧૦–૧૨ પૈસાવાળી જમીન નવી શરતની છે, તે પૈકી હે.આરે.ચો.મી. ૦–૮૫–૫૮ વાળી જમીન વાદીના વડીલ સોમાભાઈ કુબેરભાઈ ગાંધર્વનાઓને મળેલ અને સદ ર જમીન વિક્રમભાઈ કુબેરભાઈ વાવતા હતા અને ત્યારબાદ તેમના વારસ કરશનદાસ વાવતા હતા અને જે જમીન ટુકડા એકત્રીકરણ વખતે બ્લોક નં.૨૦૪ થયેલ છે અને નોંધ નં.૧૫૨ સામે ગાંધર્વ સોમા કુબેની નોંધ પડેલ છે અને નોંધ નં.૩૩૬ ઘરખેડ માટે પડેલ છે. વધુમાં તેઓ જણાવે છે કે, સ.નં.૧૭૧/૧ પૈકી એકર ૧–૩ નો કબજો ગાંધર્વ બોથા ભાઈ ઉમેદભાઈનો અને ૧૭૧/૧ પૈકી એકર ૧–૨ નો ગણોતીયા પટેલ છગનભાઈ ઈશ્વરભાઈનો છે જેની નોંધ ૪/૩/૭૪ નારોજ પડેલ છે અને નોંધ નં.૩૩૮ વારસાઈ ની પડેલ છે. આમ દાવાવાળી મિલકત પૈકી ર એકર રગુંઠામાં વાદીઓનો શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો આવેલ છે, તેમાં ઉપજનીપજ કરતાં, પ્રતિવાદીઓ કે તેમના નોકર ચાકર એજન્ટ, એસાઈન કે કુલમુખત્યાર રોકે રોકાવે નહી અને વાદીઓને કાયદેસરની કાર્યવાહી સિવાય ગેરકાયદેસર રીતે વાદી પાસેથી બળજબરીપુર્વક કબજો લે લેવડાવે નહી તથા અન્ય કોઈને વેચાણ, ગીરો,બક્ષિસ, એસાઈન કે તબદીલ કરે કરાવે નહી તેવો આ દ ાવા ના આખરીનિકાલ સુધી વચગાળાનો કામચલાઉ મનાઈહુકમ મળવા માગણી કરેલ છે.

(૨) પ્રતિવાદીઓને ધારાસર નોટીસ કરતાં,પ્રતિવાદીનં.ર થી ૭ ના તેમના વિ. વકીલ શ્રી મારફતે હાજર થઈ, વાદીની દાવા અને મનાઈઅરજ નો આંક–૨૩ થી જવાબ આપેલ છે. જયારે પ્રતિવાદીનં.૧ આંક–૩૩ મુજબ ડીલીટ કરેલ છે.પ્રતિવાદીના જણાવ્યા મુજબવાદીને આ પ્રકારનો દાવો કરવા હકક કે અધિકાર નથી અને એવુ કોઈ કારણ ઉભુ થયેલ નથી તેમ જણાવેલ છે અને દાવાને સી.પી.સી ની જોગવાઈનો, તથા પક્ષકારની

ખામીનો બાધ નડતો હોવાનુ જણાવી, સી.પી.સી ઓર્ડર ૭ રુલ ૧૧એ નો બાધ નડતો હોઈ, વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.વધુમાં પ્રતિવાદી જણાવે છેકે, દાવાવાળી બ્લોકનં.૨૦૪ વાળી પુરેપુરી જમીન પ્રતિવાદીઓના વડીલો વખતથી પ્રતિવાદીના કબજા ભોગવટામાં આવેલ છે અને હાલમાં પણ પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં છે. તેથી વાદીને દાવો કરવા કોઈ કારણ ઉભુ થયેલ નથી અને દાવાવાળી જમીન બાબતે વાદીઓ કયા હકકથી દાવો લઈ આવ્યા છે તે નકકી થયેલ નથી અને કાયદેસરનો કબજો ભોગવટો પ્રસ્થાપિત ન થાય તો રક્ષણ મળે નહી. જેથી વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ ન હોઈ, આ અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે આંક–૩ ના લીસ્ટથી દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે, જેમાં માર્ક૩/૧ થી ૩/૩ સુધી રેવન્યુ રેકર્ડ , ૩/૪ થી મહેસુલ મંત્રીને આપેલ અરજી, માર્ક૩/૫ મામ.ને કરેલ અરજીની નકલ, ૩/૬ પંચનામુ અને જવાબ રજુ છે. જયારે માર્ક ૧૬/૧ અને ૨ થી કોર્ટ કમિશ્નરનુ પંચનામુ અને નકશો રજુ છે. જયારે આ કામે પ્રતિવાદી તરફે માર્ક ૨૪/૧ થી ૨૪/૧૬ રેવન્યુ રેકર્ડ અને ગણોતકેસનુ રેકર્ડ તથા માર્ક ૨૪/૧૭ થી પાવર ઓફ એટર્નીની નકલ રજુ છે.

(૪) આ કામે વાદીની મનાઈઅરજી, પ્રતિવાદીનો લેખીત જવાબ તથા બંને પક્ષે રજુ દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ સદરહુ અરજી તેના ગુણદોષ ઉપર નિર્ણય કરવા નીચે મુજબના મુદ્રા ઉપસ્થિત થાય છે.

(૧)..શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

(૨).. શું સગવડતા અગવડતા ની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩)..જો માંગ્યા મુજબનો મનાઈહુકમ મંજુર કરવામાં ન આવે તો વાદીનેનાણાંમાં ન ભરપાઈ થઈશકે તેવુ નુકશાન થાયતેમછે?

(૪)..શું હુકમ ?

(૫). મારા નિર્ણયો નીચે મુજબછે.

(૧).. અંશત:હકારમાં.

(૨).. અંશત: હકારમાં.

(૩).. અંશત: હકારમાં.

(૪)..આખરી હુકમ મુજબ

**<u>કા ર ણો</u>**

**<u>(૬).મુદ્દા નં.૧ થી ૩</u>**

આ ત્રણે મુદ્દા એકબીજા સાથે સંકળાયેલ હોઈ, હકીકતોનું પુનરાવર્તન ન થાય તેવા હેતુથી એકી સાથે ચર્ચા કરવામાં આવે છે.

(૭). સદર કામમાં વાદીના વિ.વકીલશ્રી આર.કે.પંજાબીએ તેમની મૌખિક દલીલ માં જણાવેલ છે કે, દાવાવાળી જમીન નવી શરતની જમીન છે. તે પૈકી અડધી જમીનમાં વાદી વાવેતર કરે છે અને અડધી જમીન પ્રતિવાદીની છે. માર્ક૩/૬ થી જે દસ્તાવેજ રજુ થયેલ છે તેનાથી ફલિત થાય છે કે, વાદગ્રસ્ત જમીનમાં વાદીનો કબજો ભોગવટો છે. તે પંચનામુ સર્કલ ઓફીસર અને તલાટી કમ મંત્રીશ્રી કરેલ છે. તેમાં પ્રતિવાદીનં.૧જણાવે છે કે, દાવાવાળી જમીનમાં અડધી જમીનમાં વાદીનો કબજો ભોગવટો છે. રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીનુ નામ ચાલે છે.ગણોત કેસો ચાલ્યા તેમાં આખી જમીન પ્રતિવાદીને આપવામાં આવેલ છે. ડયુ પ્રોસેસ ઓફ લો કર્યા સિવાય , પ્રતિવાદી વાદી પાસેથી કબજો લે લેવડાવે નહી. વધુમાં કોર્ટ કમિશ્નરશ્રીએ જે પંચનામુ કરેલ છે, તેમાં પણ કબજો ભોગવટો વાદીનો આવેલ છે તેવુ બતાવેલ છે. વાદીના ખેતર પાડોશીઓએ પણ અને પંચોએ સોગંદનામા થી સમર્થન કરેલ છે અને વાદીનો કબજો ભોગવટો હોવાનુ જણાવેલ છે. જેથી વાદીની આંક-પની અરજી મંજુર કરવા જણાવેલ છે. જયારે પ્રતિવાદી તરફે વિ.વકીલશ્રી એમ.ટી. પટેલની દલીલ છે કે, વાદીઓ વડીલોપાર્જિત મિલકત છે તેવુ સાબિત કરી શકેલ નથી અને પેઢીનામુ રજુ કરેલ નથી. માર્ક ૨૪/૧ માં પ્રતિવાદી નં.૧ ના પિતાનુ નામ ચાલેછેજે સ.નં.૧૭૧ વાળી આખી જમીનના માલીક નોંધ નં.૧૬૪ મુજબ છે. ૨૪/૧૩ ના દસ્તા

વેજથી સદર જમીન પ્રતિવાદીનં.૧ ને ગણોતહકકે મળી છે. માર્ક ૨૪/૧૫ થી ગણોત હકે નકકી થયેલ ગણોતની રકમ રુ.૫૦૦/– જમીન માલીકે ભરપાઈ એટલેકે સરકારશ્રીમાં જમા કરાવ્યા બાદ, સરકારશ્રી એ નમુના નં.૦૯ નુ પ્રમાણપત્ર ઈસ્યુ કરેલ. ગણોતહકકે વાદગ્રસ્ત આખી જમીનનો કબજો ભોગવટો પ્રતિવાદીઓનો છે. જેથી વાદીની મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૮). આ કામમાં વાદીતરફથી રજુ થયેલ માર્ક ૩/૧ ના ૭/૧૨ ના ઉતારાની નકલ જોતાં, કોલમ નં.૭ વાદીના વડીલ સોમા કુબેર ગંધર્વ નુ નામ દર્શાવેલ છે. માર્ક ૩/૨ થી નોંધ નં.૩૩૬ ની રજુ થયેલ છે, તેમાં ગંધર્વ બોથા ઉમેદ નો કબજો છે, જમીન સોપ્યા બાબતની નોંધ છે. જયારે નોંધ નં.૬૩૪ થી શાંતીલાલ બેચરભાઈ ગંધર્વ અને ગણોતીયા ડાહયાભાઈ ભગવાનભાઈ છે જેમાં કોણ કબજેદાર રહે છે તે પરિસ્થિતિ નકકી નહી હોવાથી મામલતદારશ્રીને જરુરી પગલાં લેવા અરજ કરેલ છે તથા માર્ક૩/૬થી જે બ્લોકનં.૨૦૪ અન્વયે પંચનામુ તથા જવાબ જે સર્કલ ઓફીસર અને તલાટીકમ મંત્રી રુબરુ લેવામાં આવેલ છે. તેમા એવુ સ્પષ્ટછે કે, આ જમીનની દક્ષિણે નટુભાઈ વિઠ્ઠલભાઈ નુ ખેતર આવેલ છે અને બ્લોકન.૨૦૩ જે મહેન્દ્રકુમાર શંકરલાલ ગંધર્વનુ ખેતર આવેલ છે. વધુમાં તેમાં દર્શાવવામાં આવેલ છે કે, સવાલવાળી જમીન પ્રવીણભાઈ ગંધર્વ છેલ્લા છ સાત વરસથી વાવેતર કરે છે તથા તેમાં કચરાભાઈ છગનભાઈ પટેલે સર્કલ ઓફીસરશ્રી રુબરુ પોતાનો જવાબ આપેલ છે.તેમાં તેઓએ જણાવેલ છેકે, આ જમીન પૈકીની અડધી જમીનમાં ગંધર્વ સોમા કુબેર મૈયતના વારસમાં ગંધર્વ પ્રવીણભાઈ કરશનદાસ કાયમથી વાવેતર કરતા આવેલા છે અને બાકીની જમીનમાં ઉત્તર બાજુ તરફ અમો વાવેતર કરતા આવેલા છીએ. તેથી ખુદ પ્રતિવાદીનં.૧ કે જે પ્રતિવાદીનં.૨ થી ૭ ના વડીલ છે , તેઓ તેમના જવાબમાં સ્પષ્ટ જણાવે છે કે, સવાલવાળી જમીન અડધી વાદી પાસેછે અને અડધી તેઓ વાવે છે. તેથી તે હકીકત ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે, દાવાવાળી જમીનમાં અડધી જમીનમાં વાદીનો કબજો ભોગવટો છે અને અડધી જમીનમાં પ્રતિવાદી

નો કબજો ભોગવટો છે એવુ હાલના તબકકે જણાય છે. તેથી જયારે વાદગ્રસ્ત મિલકત વાદી અને પ્રતિવાદી બંનેના કબજા ભોગવટામાં અડધી અડધી જમીન આવેલ હોય તો, દાવાવાળી જમીનની હાલની  યથાવત સ્થિતિ જાળવી રાખવી ન્યાયી અને વ્યાજબી જણાય છે તેમ હુ માનુ છુઅને તેથી વાદીનો પણ દાવાવાળી મિલકતમાં અડધી જમીનમાં કબજો ભોગવટો હોવાનુ હાલના તબકકે જણાતુ હોઈ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે અને બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં છે અને તેથી જો આ દાવાના આખર નિકાલ સુધી દાવાવાળી મિલકતની યથાવત સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી રહેશે તેમ માની, મુદ્રા નં.૧ થી ૩ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી, મુદ્રા નં.૪ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુ ક મ

વાદીની હાલની આંક–૫ ની અરજી અંશત:મંજુર કરવામાં આવે છે અને દાવાવાળી મિલકતની હાલની યથાવત સ્થિતિ આ દાવાનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી, બંને પક્ષકારોએ  જાળવી રાખવી તેવો આદેશ કરવામાં આવે છે.

આ અરજીનું ખર્ચ  દાવાના આખર નિકાલને અનુસરશે.

આજ તા.૦૯ મી  માહે ઓકટોબર  સને ૨૦૧૩ ના રોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કલોલ.

પ્રજાપતિ

**(એ.જી.શેખ)**
**GJ 00505**
**પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ,ક લો લ.**